દેવાંગ અને તેની પત્ની બન્ને નોકરી કરતા હતા એટલે તેના પપ્પાએ તેમને મદદરૂપ થવા અમુક જવાબદારી પોતે સ્વૈચ્છિક રીતે સ્વીકારી  લીધી હતી, જેવી કે, વોશિંગ મશીનમાં કપડા ધોવા, ઘરઘંટીમાં અનાજ દળવું, રોજનું શાક, દૂધ લાવવાનું અને તેના ચાર વર્ષના દીકરા સ્વીટુને બાળમંદિરે મુકવા લેવા જવાની જવાબદારીનો તેમાં સમાવેશ થતો હતો.

કોઈને પણ મદદરૂપ થવા આપણે કોઈ પ્રવૃત્તિ કે આર્થિક મદદ કરવાનું સ્વૈચ્છિક રીતે નિષ્કામ ભાવનાથી સ્વીકારીએ ત્યારે ખૂબ વિચારી લેવું એ ધીરે ધીરે તમારી ફરજનો એક ભાગ તો નહિ બને  ?

તમને જ્યારે તમારી ફરજનો આ એક ભાગ છે તેવું માનસિક દબાણ કરવામાં આવે ત્યારે તમે ઠગાઈ ગયા હોય તેવું લાગશે, એટલે લાગણીના આવેગમાં આવી કોઇને આર્થિક યોગદાન કે સેવાનું વચન  જલ્દી આપવું જોઈએ નહિ.

તમે આ પ્રકારના યોગદાન જ્યાં પણ આપતા હોવ ત્યારે તમે લાગણીથી, નિષ્કામ ભાવનાથી આપી રહ્યા હોવ છો. પણ સામેની વ્યક્તિની તમારા કાર્યની નોંધ દિમાગથી ગણતરી કરતી હોય છે. એટલે જ જતે દિવસે તમારી આ સેવાની પ્રવૃત્તિ તમને બોજરૂપ ન બને તેનું ધ્યાન રાખવું ખૂબ જરુરી હોય છે.

બસ પપ્પા. દેવાંગના પપ્પાની આ મોટી ભૂલ હતી.

બેટા તેને તું ભૂલ કેવી રીતે કહી શકે..આ તો લાગણીના સબંધ છે.

પપ્પા લાગણીના સબંધો એક તરફી લાંબો સમય નથી ટકતા. લાગણીએ બંધન છે એ જ્યારે તૂટે છે ત્યારે ડેમ તૂટયો સમજી લ્યો પાણીના પ્રવાહમાં બધું જ વહેતુ થઈ જાય છે.

પપ્પા આગળ સાંભળો.

એક વખત આંખમાં ઊંઘ હોય કે થકાન હોય દેવાંગના પપ્પા સ્વીટુ સાથે એક્ટિવા ઉપરથી પડી ગયા, તો  દેવાંગ અને તેની પત્ની સ્વીટુને વાગ્યું નથી ને ? તેની ચર્ચા કરતા હતા પણ તેના પપ્પાને પગે મચકોડ આવી ગોઠણ છોલાયું તેની ચર્ચા કરતા ન હતા.

એક દિવસ દેવાંગના પપ્પાએ હિંમત એકઠી કરી કહી કીધું બેટા હવે હું ઘરની કોઈ પણ પ્રકારની જવાબદારી સ્વીકારવામાં સક્ષમ નથી. મને થાક લાગે છે ઘડિયાળના કાંટે ખૂબ દોડ્યો હવે મારી ઉંમર નથી. મને આ બધી તમે સોંપેલ જવાબદારીમાંથી મુક્ત  કરો.

ત્યાં તો દેવાંગ અને તેની પત્ની બોલ્યા, તો  ઘરમાં બેસીને તમારે કરવાનું શુ છે  ? નાની મોટી પ્રવૃત્તિ તો કરવાની જ હોય ને..તમારી ઉંમર ના બધા કામ કરતા જ હોય છે.

ત્યારે તેનો બચાવ કરનાર કોઈ ઘરમાં ન હતું. દબાયેલો માણસ તમારી વાત લાચારીને લીધે કદાચ માની લેશે, પણ દિલથી તમને કદી માફ નહીં કરે. તેના પપ્પા તેઓ સામે કોઈ પણ પ્રકારનો જવાબ આપ્યા વગર તેમના રૂમમાં જતા રહ્યા.

તેઓ સરકારમાં કલાસ વન ઓફિસર હતા પેંનશન મળતું હતું મકાન પણ પોતાનું હતું છતાં તેમણે ગુલામીનું પાંજરું તોડવાનું નક્કી કરી લીધું.

એક દિવસ સવારે ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો હતો. દેવાંગ તેના પપ્પાના રૂમની અંદર  સવારે ગયો ત્યારે પપ્પા ત્યાં ન હતા. ફકત ચિઠ્ઠી ટેબલ ઉપર પડી હતી તેમાં લખ્યું હતું,

ચી.દેવાંગ

મને શોધવાનો પ્રયત્ન કરતો નહિ. પોલીસમાં પણ ફરિયાદ કરતો નહિ. હું તમારી ઠોકી બેસાડેલ જવાબદારીમાંથી મુક્ત થવા માંગતો હતો પણ એ તમને માન્ય ન હતું. તમે તમારો આનંદ શોધી લ્યો. હું મારો આનંદ શોધી લઈશ.

મેં મારી મમ્મી સામે જોયું.

તો મમ્મી પપ્પા બન્નેની આંખો ભીની હતી.

મેં ભીની આંખે વાતને આગળ વધારતા કહ્યું,

દેવાંગે મને એ દિવસે ઘરે બોલાવ્યો અને નિખાલસતાપૂર્વક પોતાનાથી થયેલ ભૂલો  અને પપ્પા તરફ થયેલ ખોટા વ્યવહારની

આ બધી વાતો કરી હતી .

વાતને બે વર્ષ થયાં પણ દેવાંગના પપ્પાની કોઈ ખબર ન હતી. દેવાંગ દુઃખી હતો પોતાની માં એટલે કે એક પત્ની વગરના પોતાના બાપને પોતે સાચવી ન શક્યો તેનું દુઃખ હતું. બચપનમાં સ્કૂલે જતી વખતે દફ્તરનો ભાર પણ પપ્પા ઉઠાવતા હતા. કારણકે ભાર મને ન લાગે.

એ પપ્પાના ઘડપણનો ભાર હું સમજી ન શક્યો. તેમના ઘડપણની લાકડી હું પોતે ન બની શક્યો, કહી એ ખૂબ રડ્યો હતો. પણ સમય વીત્યા પછી પ્રાયશ્ચિત કર્યા સિવાય આપણી પાસે કંઈ બચ્યું હોતું નથી.

અમે ત્રણ મિત્રો અને તેમનો પરિવાર આપણા ઘરથી ૧૦૦ કિલોમીટર દૂર આવેલ વૃંદાવન ફોરેસ્ટ અને રિસોર્ટ છે ત્યાં જવાનું નક્કી કર્યું.

ગાઢ જંગલની અંદર અમે એક મંદિરની નજીક વૃક્ષોની વચ્ચે પાથરણા પાથરી મજાક મસ્તી કરી રહ્યા હતા , બાળકો દડેથી રમતા હતા ત્યાં અચાનક બાળકો એ બુમ મારી અમે દોડીને એ તરફ ગયા તો દેવાંગનો પુત્ર દડો જ્યાં લેવા ગયો હતો ત્યાં કાળોત્રો નાગ ફેણ ફેલાવી સ્વીટુ સામે બઠો હતો.

અમારા જીવ અધ્ધર થયા કોઈ પણ જો સ્વીટુને બચાવવા થોડી ઉતાવળ કરે તો સ્વીટુ તેનો ભોગ બને તેમ હતું. ત્યાં ફોરેસ્ટ ગાર્ડ દોડતો આવ્યો તેણે કહ્યું, ચિંતા ન કરો બાપજીને બોલાવી આવું છે. કોબ્રા છે તેને કોઈ છંછેડતા નહિ, કહી એ મંદિર તરફ દોડ્યો અને એક સાધુ સંત જેવા ભગવાધારી બાપજી સાથે પરત આવ્યો.

બાપજીને જોઈ નાગે ફેણ સંકેલી બાપજીના પગ પાસે આવી બેસી ગયો. બાપજી એ તેને પ્રેમથી ઉંચકી માથે હાથ ફેરવ્યો. અને તેને લઈ મંદિર તરફ જતા હતા ત્યાં દેવાંગ બોલ્યો, પપ્પા ઉભા રહો મને ઓળખ્યો નહિ.

બેટા દરેક વ્યક્તિ તેના વ્યવહારથકી ઓળખાતો હોય છે. આ જંગલના પશુ પંખીઓ જાનવરો મારા પ્રેમને ફક્ત બે વર્ષના ગાળા દરમિયાન ઓળખી ગયા. આ લોકોને ફક્ત વાચા જ નથી બાકી તેઓ આંખની ભાષાથી લાગણી સમજી લેતા હોય છે અને એક મનુષ્ય જાત જ એવી છે જેની પાછળ જાત ઘસી નાખો તો પણ લાગણીની કિંમત સમય આવે કોડીની કરી નાખે છે.

દેવાંગ હાથ જોડી ભીની આંખે બોલ્યો પપ્પા ઘરે પરત આવો. મને માફ કરો

બેટા એ અસંભવ છે મેં સંસારની માયા છોડી છે..

આ જંગલ, પશુ, પંખી અને ઈશ્વર એ મારો પરિવાર છે. ફરીથી મારે મોહ, માયા અને પ્રપંચની રમતો રમવા પરત નથી ફરવું.

સ્વીટુ પણ દાદા દાદા કરી તેમને ભેટ્યો..

દેવાંગના પપ્પાની આંખો ભીની થઇ છતાં પણ મન મક્કમ કરી દેવાંગના પપ્પા મંદિર તરફ રવાના થયા અને અમે પણ તેમની પાછળ પાછળ ગયા. ત્યાં મંદિરમાંથી ગીત ધીરે ધીરે વાગતું હતું.

આ તો ઝાંઝવાના પાણી, એ માયા જૂઠી રે બંધાણી.

હંસલા હાલો ને હવે મોતીડાં નહીં રે જડે.

મંદિરના પગથિયાં ચઢતા ચઢતા દેવાંગના પપ્પા પગથિયાં ઉપર ફસડાઈ પડ્યા. અમે દોડ્યા.

તેઓએ દેવાંગના માથે હાથ ફેરવી કીધું બેટા ફરી મારા આત્માને માયા અભડાવી ગઈ. મારે ફરી માયાના બંધનમાં નથી બંધાવુ કહી તેમણે અંતિમ શ્વાસ લીધો.

પપ્પા, મમ્મી અને મારી આંખોમાંથી આંસુ નીકળતા હતા.

મારા પપ્પા ફક્ત એટલું બોલ્યા

બેટા બાળકોની સાચી કસોટી ઘડપણ સમયે થાય છે. તરસ છીપાઈ ગયા પછી ખાલી બોટલ બોજ લાગવા માંડે છે.

મિત્રો,

**वजनदार रिश्ता तो दुनिया में सिर्फ मा-बाप का होता है।**
**जिनके कर्ज और फर्ज का वजन उठाने की,**
**किसी में भी ताकत नहीं होती है।**

**સંકલનઃ ગિરીશભાઈ કાંતિલાલ શાહ - કાંદિવલી (પૂર્વ)**


**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ-મુંબઈ**

## સાધર્મિક પરિવાર સ્વરોજગાર


**આપણા ઝાલાવાડ સંઘના સભ્ય સાધર્મિક પરિવારની આર્થિક ઉપાર્જન કરી પરિવારની સંકળામણ દૂર કરવા અથવા વધારે આવક મેળવી પરિવારની આવકમાં વૃદ્ધિ કરવા કાંઈને કાંઈ પ્રવૃત્તિઓ જેવી કે ઈમીટેશન જ્વેલરીનું વેચાણ, ખાખરા-ફરસાણ, અથાણા, મસાલા વિગેરેનું વેચાણ તથા ઘરેથી સપ્લાય કરતા હોય, ફેરી કરતા હોય, કે દુકાન/લારીમાં વેચાણ કરતા હોય વગેરે જેવી અનેક વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આવક મેળવવા સંઘર્ષ કરતા જોવા મળેલ છે. આ પ્રકારની આવકમાં વૃદ્ધિ કરવા સમાજના સાધર્મિક પરિવારોની ભાઈઓ માટે 'ઝાલાવાડ જૈન દર્શન' માસિક પત્રિકામાં વિનામૂલ્યે (નિ:શુલ્ક) જાહેરાત પ્રકાશિત કરવામાં આવશે.**

**સંપર્ક :**


**મો.: ૯૧૩૭૩૪૨૮૧૮ / ૯૮૬૯૦૪૦૧૫૦**

**સમય : ૧૧.૩૦ થી ૫.૩૦ સુધી.**

# વર્તમાન યુગના પુણ્યાશ્રાવક 'ડૉ.રજનીભાઈ શાહ'



ડૉ.તેજસાહેબ



ડૉ.રજનીભાઈ શાહ

અમેરીકાની ધરતી ન્યુર્યોકમાં સ્થીત ડૉ.રજનીભાઈ શાહ પોતાના જીવનને અપરિગ્રહના વ્રતથી શણગાર્યું, પોતાને પ્રાપ્ત સંપત્તિ જૈન સેન્ટર ઓફ અમેરીકાને અર્પણ કરી જૈનશાસનના ઈતિહાસમાં આ સેન્ટર ઓફ પ્રમુખ સ્થાને રહેશ કારણ ડૉ.રજનીભાઈએ ચારે ફીરકા એક સેન્ટરમાં રહીને ધર્મ આરધના કરે તેવી તેમની ભાવનાને સફળ બનાવવા કરોડોની સંપત્તિ દ્વારા આખુ સેન્ટર બનાવીને જૈન સમાજને અર્પણ કરવામાં આવેલ. ચાર માળની ધર્મ મંઝીલમાં સ્થાનકવાસી, દેરાવાસી, દિગમ્બર, તેરાપંથી અને શ્રીમદ્ રાજચંદ્ર સર્વે પંથ–ગચ્છ સંપ્રદાય સૌ સૌની પરંપરા પ્રમાણે ધર્મ આરાધના વર્તમાન સમયે કરી રહ્યા છે. જે એકતા–મૈત્રીનો સંદેશ આખા વિશ્વને આપી રહેલ છે.

શ્રાવક ડૉ.રજનીભાઈ તમામ સંપત્તિ દાનમાં આપી ત્યારે સેન્ટરના મુખ્ય અગ્રણીને જણાવેલ છે. આખા સેન્ટરમાં ક્યાંય મારૂ કે મારા પરિવારનું નામ લખવું નહી. યાને કોઈની પણ તકતી લગાવી નહી. એટલું જ નહી આ સેન્ટરના ટ્રસ્ટી કે પ્રમુખ તરીકેનું પદ પણ આપવું નહી. આવી દીર્ઘદષ્ટીવંતા શ્રાવક એટલે ડૉ. રજનીભાઈ શાહ શાંત સ્વભાવી, ઉદારદાતા, બધી સંપત્તિ જૈન સેન્ટરને આપવાની ખુશી વ્યક્ત કરતા જણાવતા કે મારૂ કશું નથી. આ સઘળું પ્રભુનું હજુ તે મેં પ્રભુને અર્પણ કર્યું છે. છેલ્લી ઉંમર સુધી લેખન કાર્યમાં રત રહેલા અને સમાધિમય જીવન જીવતા હતા. અમેરીકામાં રહીને કરોડોની સંપત્તિ હોવા છતાં સાવ સામાન્ય વ્યક્તિની જેમ નાનકડા ઘરમાં પાલ્ય સામગ્રી સાથે જીવનનું પસંદ કર્યું હતુ. ડૉ.રજનીભાઈનું એક સપનું હતું કે આદિનાથદાદા અષ્ટાપદમાં નિર્વાણ થયા છે. તે અષ્ટાપદ હું શોધુ – અને નક્કી થાય કે અષ્ટાપદ આવા પ્રકારનું હતું તો હું તે પ્રમાણે બનાવું. ઘણાં વર્ષોની તપસ્યા બાદ અને આચાર્યો ભગવંતના માર્ગદર્શન હેઠળ મોડલ તૈયાર કર્યું અને અનેક આચાર્ય ભગવંતના આશીર્વદ લઈ સ્ફૂટીનો પહાડ અને રત્નોના વર્ણવલ લે તે ભગવાન બનાવ્યા જેમાં કરોડો રૂપીયા વાપરીને આપ્યા. વિશ્વાસનું એક અજબ–ગજબનું અમૂલ્ય અને અલૌકિક અષ્ટાપદ બનાવી જૈન સેન્ટર ઓફ અમેરીકાના ન્યુર્યોક સંઘમાં ધામધુમથી અર્પણ કર્યુ. આશ્ચર્યતો એ વાતનું છે ક્યાંક નાનકડુ દાતા તરીકેનું કોઈનું નામ મુકવામાં આવ્યું નથી. કરોડોનું અષ્ટાપદ તેમને ક્યાંક એવા નહી મળે તેવું અમૂલ્ય અને હૃદયને સ્પર્શી જાય તેવું અષ્ટાપદ બનાવવાનું સપનું આ ડૉ.રજનીભાઈએ સાકાર કર્યું.

ડૉ.રજનીભાઈને હું આ વર્ષમાં પર્વ પર્યુષણ તપની આરાધના કરવા ગયો ત્યારે હું તેમને મળ્યો હતો. તેમને મળવાથી મારા હૃદયમાં ભાવ આવ્યા કે વર્તમાન યુગના પુણ્ય શ્રાવક એટલે ડૉ. રજનીભાઈ શાહ છે. જૈન સમાજને ઉદારતા – નમ્રતા અને નિ:સ્વાર્થ ભાવે શાસનના કામ–સેવા કરવાનો ઉત્તમ અંદેશા આપી થોડા દિવસ પહેલા અરિહંત શરણ થયા છે. તેમને તેમનું જીવન ધન્ય બનાવ્યું છે અને જૈનકુળને અજવાળ્યું છે. અંતમાં એક અદ્‌ભુત વાત જણાવી દઉ કે તેઓ સ્થાનકવાસી પંથના હોવા છતા ચારે ફીરકાનો ધર્મ માટેની વ્યવસ્થા કરીને એક ઈતિહાસ આલેખીને ગયા છે.

–ડૉ.તેજસાહેબ

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંડળ - ભાયંદર

કાર્યાલય : સી-૧, તીર્થંકર દર્શન, બાવન જિનાલય પાસે, દેવચંદ નગર, ભાયંદર (વે)
મોબાઇલ: ૯૮૨૧૨ ૩૬૮૨૬ / ૯૮૬૯૦ ૪૦૧૫૦

## શાશ્વતા મહાતીર્થ શ્રી સિધ્ધાચલજી - (પાલીતાણા)

યાત્રા પ્રવાસના લાભાર્થીઓ

**મુખ્ય આધારસ્થંભ**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મિત્રમંડળ - ભાયંદર**

**આધારસ્થંભ**

**શ્રીમતી કલ્પનાબેન વિજયભાઈ મગનલાલ શાહ પરિવાર**
**શ્રીમતી લતાબેન નટવરલાલ કેશવલાલ શાહ પરિવાર**
**શ્રીમતી હંસાબેન જીતેન્દ્રભાઈ કાંતીલાલ શાહ પરિવાર**

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મંડળ-ભાયંદર આયોજિત તથા સંચાલિત શ્રી સિધ્ધાચલ ગિરીરાજ પાલીતાણાની યાત્રા ભાયંદર મંડળ વિસ્તારના જ સાધર્મિક પરિવારના ભાઈઓ-બહેનોને જણાવવાનું કે આપણા ઉપરોક્ત **મિત્રમંડળ** તથા **દાતાશ્રી** પરિવાર તરફથી ૧૦૮ યાત્રિકોને આગામી તા. ૧૪ તથા ૧૫ જાન્યુઆરી ૨૦૨૬માં કરાવવાની ભાવના છે. આજ સુધી જે ભાઈઓ-બહેનોએ પોતાના જીવનમાં પાલીતાણાની યાત્ર ન કરી હોય અથવા ઘણાં વર્ષો પહેલા કરી હોય તેવા ૧૦૮ યાત્રિકોને નિઃશુલ્ક / વિનામૂલ્ય (ફ્રી)માં લઈ જવામાં આવશે. તો જે સાધર્મિક પરિવારને યાત્રામાં આવવાની ભાવના હોય તેમણે મો.નં. ૯૮૬૯૦૪૦૧૫૦ / ૯૮૨૧૨૩૮૨૬ ઉપર સંપર્ક કરવો.

## ઝાલાવાડી સમાજના લગ્નોત્સુક યુવક-યુવતી પરિચય વિશેષાંક ઓક્ટોબર-નવેમ્બર

મુંબઈના વિભિન્ન જૈન સમાજમાં ૧૧૫ વર્ષના વટવૃક્ષ સમા - ઝાલાવાડ સમાજનું અનેક વિવિધ સેવાકીય પ્રવૃત્તીથી એક આગવું સ્થાન છે. તે માટે પુરોગામીઓએ જે પગદંડી દોરી હતી. સમાજનું જે રીતે ઘડતર નિઃસ્વાર્થ ભાવે કર્યુ હતું. સમાજ શ્રેષ્ઠીઓ, દાતાઓ અને વિચારશીલ પ્રબુધ્ધ અગ્રગણ્યોએ શ્રી સંઘને ઉચ્ચ સ્થાને લઈ જવામાં યોગદાન આપેલ છે. વિકાસના કાર્યોને નજર સમક્ષ રાખી ચેરમેન એપેક્ષ સમાજરત્ન શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહના નેતૃત્વ વિકાસ યાત્રાને છેલ્લા વર્ષોમાં સૌથી પ્રબળ ઝડપનો વેગ મળ્યો છે.

વેવિશાળના વિકટ પ્રશ્નને વર્તમાન સંજોગોમાં હલ કરવા માટે કોઈકે તો પ્રયત્નો કરવા જ રહ્યા. સમાજમાં શિક્ષણ વધ્યું છે. દિકરા-દિકરીની પસંદગીના ધોરણો બદલાયા છે. આજનાં યુવક-યુવતી દરેક રીતે સમકક્ષ બન્યા છે. પસંદગી માટેના અને માપદંડો બદલાયા છે. આપણી રહેણીકરણી - જીવન જીવવાની રીતરસમો બદલાયા છે. સમાજમાં મોભીઓની અછત વર્તાય છે. જે મોભીઓ છે તેઓ પણ સમયાનુસાર આ પ્રશ્નમાં સહાયભૂત થવા ખચકાટ અનુભવી રહ્યા છે. આવા સક્રાંતિ કાળમાં સમાજને ભગવાન ભરોસે ન છોડાય. સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવાની ફરજ સમજીને હાલના ટેક્નોલોજી અને કોમ્પ્યુટર યુગમાં શરૂઆત ગત જુલાઈ ૨૦૨૪માં કરેલ છે. સફળતા પછી આવું સમય - સંજોગોને અનુરૂપ કાંઈક નવું સાહસ કરવું જ જોઈએ. વધુ જાણકારી અને માહિતી પહોંચાડવા તેવી ભાવના પ્રબળ બની છે. પ્રમુખશ્રી, હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રી અને કારોબારી કમીટીએ સમાજના વડીલોએ અમારી ભાવનાને સફળ બનાવવા પ્રોત્સાહજનક આજ સુધી પ્રતિસાદ આપ્યો છે. સમાજના પ્રશ્નો હલ કરવાની આપણી સહિયારી જવાબદારી છે.

યુવક-યુવતી પરિચય મિલનનું પાંચ વખત શ્રી સંઘ દ્વારા આયોજન કર્યું છે. તેમજ યુવક-યુવતી પરિચય પુસ્તીકા ત્રણ વખત પ્રકાશીત કરેલ છે. જે સમાજના પરિવારોને ઉપયોગી થયેલ છે. જેના થકી ઘણા એ પ્રભુતા પગલા પાડેલ છે. લગ્ન થયેલ છે. આપ સૌની પ્રબળ પ્રેરણા - ઉત્તમ સહયોગ - અવર્ણનીય સાથ સહકારથી પ્રોત્સાહિત થઈ અમોએ યુવક-યુવતી પરિચય માટે 'ઝાલાવાડ જૈન દર્શન' પત્રિકામાં લગ્નોત્સુક યુવક-યુવતીઓનાં બાયોડેટા ટૂંકી માહિતીના પત્રિકા દ્વારા ઓક્ટો.-નવે. માસમાં પ્રકાશિત કરવામાં આવશે. જે યુવક-યુવતી 'ઝાલાવાડ જૈન સગપણ સેતુ' માં નોંધાયેલા છે તેમના બાયોડેટા છાપી પ્રસિધ્ધ કરવામાં આવશે.

## ખૂબ જ મહત્વપૂર્ણ જાણકારી

દર્દી અધિકાર પરિષદ મુંબઈ પ્રદેશ સ્થાપક પ્રમુખ ઉમેશ ચવ્હાણ

૧) હિન્દુજા હોસ્પિટલ, ૨) કોકિલાબેન હોસ્પિટલ, ૩) જસલોક હોસ્પિટલ, ૪) ડી. બોમ્બે હોસ્પિટલ, ૫) લીલાવતી હોસ્પિટલ, ૬) બ્રીચ કેન્ડી હોસ્પિટલ, ૭) કેઈએમ હોસ્પિટલ, ૮) ટાટા હોસ્પિટલ, ૯) નાણાવટી હોસ્પિટલ, ૧૦) ડી. બાંદ્રા હોલી ફેમિલી હોસ્પિટલ, ૧૧) હિરાનંદાની હોસ્પિટલ, ૧૨) હોલી સ્પિરિટ હોસ્પિટલ

આ કે તે મોંઘી ફાઇવ સ્ટાર ચેરિટેબલ હોસ્પિટલમાં આર્થિક રીતે નબળા વર્ગના, ગરીબ દર્દીઓના બધા બિલ માફ કરવામાં આવશે. આ માટે, સંપર્ક કરો – શ્રીમતી વીણા સોનાર, દાદર, મુંબઈ – ૪૦૦૦૨૮ ગમે ત્યારે સંપર્ક કરો. મો. ૭૦૨૮૯૮૨૦૪૧

જરૂરી દસ્તાવેજો–

૧) ૨ ફોટા, ૨) આધાર કાર્ડ, ૩) રેશન કાર્ડ, ૪) આવકનો પુરાવો, ૫) હોસ્પિટલ અંદાજ, ૬) નિદાન રિપોર્ટ

કૃપા કરીને આ પોસ્ટને શક્ય તેટલા વધુ ગ્રુપમાં શેર કરો અને તમારા સમુદાય સુધી પહોંચો.

જો કોઈને તબીબી નાણાકીય સહાયની જરૂર હોય તો નીચેના ટ્રસ્ટોનો સંપર્ક કરો...

સર રતન ટાટા ટ્રસ્ટ બોમ્બે હાઉસ, હોમી મોદી સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૧ કૉલ કરોઃ ૦૨૨–૬૬૬૫૮૨૮૨

રિલાયન્સ ફાઉન્ડેશન (અગાઉ અંબાણી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ) ૨૨૨ મેકર ચેમ્બર્સ IV, ત્રીજો માળ, નરીમાન પોઈન્ટ, મુંબઈ – ૪૦૦૦૨૧ કૉલ કરોઃ ૦૨૨–૪૪૭૭૦૦૦૦, ૦૨૨–૩૦૩૨૫૦૦૦

અમરીલાલ ઘેલાભાઈ ચેરિટેબલ ટ્રસ્ટ ૭૧, ગીતાંજલી, ૭૩/૭૫, વાલ્કેશ્વર રોડ, મુંબઈ – ૪૦૦૦૦૬

આશા કિરણ ચેરિટેબલ ટ્રસ્ટ કો/ઓ રેડિયમ કીસોફ્ટ સોલ્યુશન્સ લિમિટેડ, કૉલ કરોઃ ૦૨૨–૨૬૩૫૮૨૯૦ ૧૦૧, રાયગઢ દર્શન, ઇન્ડિયન ઓઇલ કોલોની સામે, જેપી રોડ, અંધેરી (પશ્ચિમ) મુંબઈ ૪૦૦ ૦૫૩

ASPY ચેરિટેબલ ટ્રસ્ટ C/o અમેરિકન સ્પ્રિંગ એન્ડ પ્રેસિંગ વર્ક્સ પ્રાઇવેટ લિમિટેડ પી.ઓ. બોક્સ નં. ૭૬૦૨, આદર્શ હાઉસિંગ સોસાયટી. રોડ, મલાડ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૬૪,

ARED ચેરિટેબલ ટ્રસ્ટ ૧–બી–૧ ગિરિરાજ, અલ્ટામાઉન્ટ રોડ મુંબઈ ૪૦૦ ૦૨૬, કૉલ કરોઃ ૦૨૨–૨૩૮૨૧૪૫૨, ૦૨૨–૨૪૯૨૬૭૨૧

બી. અરુણકુમાર એન્ડ કંપની ૧૬૧૬, પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરા હાઉસ, મુંબઈ – ૪૦૦૦૦૪

બી. ડી. બાંગુર ટ્રસ્ટ કાર્બન એવરફ્લો લિમિટેડના કોર્પસ બખાવર, બીજો માળ, નરીમાન પોઈન્ટ મુંબઈ ૪૦૦૦૨૧

બોમ્બે કોમ્યુનિટી પબ્લિક ટ્રસ્ટ (BCPT) ૫મો માળ રીજન્ટ ચેમ્બર્સ, નરીમાન પોઈન્ટ, મુંબઈ ૪૦૦૦૨૧, કૉલ કરોઃ ૦૨૨–૨૨૮૪૫૯૨૮ / ૦૨૨–૨૨૮૩૬૬૭૨

બુરહાની ફાઉન્ડેશન ૨૭૬ ડૉ. ડી.એન. રોડ લોરેન્સ અને માયો હાઉસ ફોર્ટ મુંબઈ–૪૦૦૦૦૧

શતાબ્દી સેવા ટ્રસ્ટ સેન્ચ્યુરી બજાર, વરલી, મુંબઈ – ૪૦૦૦૨૫

સેન્ટર ફોર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ શ્રેયસ ચેમ્બર્સ, ગ્રાઉન્ડ ફ્લોર, ૧૭૫–ડૉ. ડી.એન. રોડ, ફોર્ટ, મુંબઈ – ૪૦૦ ૦૦૧

મુખ્યમંત્રી રાહત ભંડોળ, મહારાષ્ટ્ર સરકાર, છઠ્ઠો માળ નરીમાન પોઈન્ટ, મુંબઈ – ૪૦૦૨૦

શ્રી સિદ્ધિવિનાયક મંદિર ટ્રસ્ટ પ્રભાદેવી, મુંબઈ – ૪૦૦ ૦૨૮, ટેલિફોન ૦૨૨–૨૪૩૭૩૬૨૬ઃ તબીબી જાહેરાત ફોર્મ વેબ પર ઉપલબ્ધ છે.

વિગતો માટે કૃપા કરીને તેમની વેબસાઇટ જુઓ.

દામોદર આનંદજી ચેરિટી ટ્રસ્ટ ૬૬, વજુ કોટક માર્ગ, જી.પી.ઓ. પાસે, મુંબઈ –૪૦૦૦૦૧

ડાયમંડ જ્યુબિલી ટ્રસ્ટ આગા હોલ, નેસ્બિટ રોડ, સામે. સેન્ટ મેરી હાઈસ્કૂલ મુંબઈ ૪૦૦૦૧૦, કૉલ કરોઃ ૦૨૨–૨૩૭૭૫૨૯૪, ૦૨૨–૨૩૭૭૮૯૨૩

ધર્મ વિજય ટ્રસ્ટ ઊ/ૃ કિલાચંદ દેવચંદ એન્ડ કંપની ન્યૂ ગ્રેટ ઇન્સ્યોરન્સ ભવન, ૭, જમશેદજી ટાટા રોડ, મુંબઈ – ૪૦૦૦૨૦

ધર્મદાસ ત્રિકમદાસ કપૂરવાલા ૪૬, રિજ રોડ, રેખા નંબર ૨, ૪થો માળ, મુંબઈ – ૪૦૦૦૦૬

ધીરુભાઈ અંબાણી ફાઉન્ડેશન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ રિલાયન્સ સેન્ટર, ૧૯, વાલચંદ હીરાચંદ માર્ગ, બલાર્ડ એસ્ટેટ, મુંબઈ ૪૦૦ ૦૩૮. ટેલિફોનઃ ૦૨૨–૩૦૩૨૭૦૦૦

ધીરજલાલ ટોકચંદ ચેરીટેબલ ટ્રસ્ટ શૈલેષ નિવાસ, સુભાષ લેન દફ્તરી રોડ, મલાડ (પૂર્વ), મુંબઈ – ૪૦૦૦૯૭

ધીરજલાલ મોરારજી અજમેરા ચેરીટી ટ્રસ્ટ ૩૭ – એ, સારંગ સ્ટ્રીટ, મુંબઈ – ૪૦૦૦૦૩

દીપચંદ ગાર્ડી ચેરિટેબલ ટ્રસ્ટ ઉષા કિરણ, બીજો માળ, અલ્ટામાઉન્ટ રોડ, મુંબઈ – ૪૦૦૦૦૬

દિવાળીબેન મોહનલાલ ચેરિટેબલ ટ્રસ્ટ ખટાઉ હવેલી, પહેલો માળ, ૯૫–કે. ઓમર પાર્ક, ભુલાભાઈ દેસાઈ રોડ, મુંબઈ ૪૦૦ ૦૨૬

એકતા ચેરિટેબલ ટ્રસ્ટ ૪/૪૪૪, પંચરત્ન, ઓપેરા હાઉસ, મુંબઈ – ૪૦૦૦૦૪

એસકે ચેરિટેબલ ટ્રસ્ટ સી/ઓ કેપ્રીહાન્સ ઈન્ડિયા લિમિટેડ, શિવસાગર એસ્ટેટ, 'ડી' બ્લોક, બીજો માળ, ડૉ. એ.બી. રોડ, વરલી, મુંબઈ – ૪૦૦૦૧૮

એક્સેલ પ્રોસેસ પ્રા. લિ. ચેરિટેબલ ટ્રસ્ટ ૧૧૭/૧૧૮, મથુરદાસ વસનજી રોડ, ચકલા, અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦૦૯૩

ફઝલભોય ચેરીટેબલ ટ્રસ્ટ લીબર્ટી સિનેમા પાસે, મરીન લાઇન્સ, મુંબઈ –૪૦૦૨૦

ગાલા ફાઉન્ડેશન વાકોલા મ્યુનિસિપલ માર્કેટ પાછળ, નેહરુ રોડ, વાકોલા, સાંતાક્રુઝ (ઇ) મુંબઈ

ગરવારે ફાઉન્ડેશન ટ્રસ્ટ ચૌપાટી ચેમ્બર્સ, મુંબઈ – ૪૦૦૦૦૭

ગોકક ફાઉન્ડેશન ફોર્બ્સ બિલ્ડીંગ., ફોર્બ્સ સ્ટ્રીટ, મુંબઈ – ૪૦૦૦૨૩

ગુડલાસ નેરોલેક પેઈન્ટ્સ લિ. (ટ્રસ્ટ) નેરોલેક હાઉસ, એ.જી. કદમ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ – ૪૦૦૦૧૩

ગોવિંદ દત્તાત્રેય ગોખલે ચેરીટેબલ ટ્રસ્ટ કલ્પતરુ હેરિટેજ, ૫મો માળ, ૧૨૯, એમ.જી. રોડ મુંબઈ ૪૦૦ ૦૨૩, કૉલ કરોઃ ૦૨૨–૨૨૬૭૩૮૩૧

હરેન્દ્ર દવે મેમોરિયલ ટ્રસ્ટ C/O જન્મભૂમિ, ત્રીજો માળ, જન્મભૂમિ માર્ગ મુંબઈ ૪૦૦ ૦૦૧

હેલ્પિંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ૩, વિદર્ભ સમ્રાટ કો–ઓપ કચ્છ. સોસાયટી ૯૩–સી, વી.પી. રોડ, વિલે પાર્લે (વેસ્ટ) મુંબઈ – ૪૦૦ ૦૫૬ ટેલિફોનઃ ૦૨૨–૬૧૪૭૪૪૮

હિરાનંદાની ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટ ઓલિમ્પિયા, સેન્ટ્રલ એવન્યુ, હિરાનંદાની બિઝનેસ પાર્ક પવઈ, મુંબઈ ૪૦૦૦૭૬

હાર્દિલિયા ચેરિટેબલ ફાઉન્ડેશન એર ઇન્ડિયા બિલ્ડીંગ, ૧૩મો માળ નરીમાન પોઈન્ટ મુંબઈ ૪૦૦ ૦૩૧, કોલઃ ૦૨૨–૨૨૦૨૪૨૨૪

હિરાચંદ ગોવર્ધન દાસ ૨૨૨, મેકર ચેમ્બર્સ ૧વી ત્રીજો માળ, નરીમાન પોઈન્ટ મુંબઈ ૪૦૦ ૦૨૧

એચ. એમ. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ મહેતા હાઉસ, ચોથો માળ, એપોલો સ્ટ્રીટ, ખુશરુ દુભાષ માર્ગ, મુંબઈ – ૪૦૦૦૦૧

એચ. એસ. સી. ટ્રસ્ટ રેડી મની મેન્શન, વીર નરીમાન રોડ, મુંબઈ – ૪૦૦૦૨૩

જમનલાલ બજાજ ફાઉન્ડેશન બજાજ ભવન બીજો માળ, જમનાલાલ બજાજ માર્ગ, ૨૨૬ નરીમાન પોઈન્ટ, મુંબઈ ૪૦૦ ૦૨૧, કૉલ કરોઃ ૦૨૨–૨૨૦૨૩૬૨૬

ઉપર જણાવેલ છે કે તબીબી રીતે બધા જરૂરિયાતમંદ અને ગરીબ પરિવારોને મદદ કરે છે

મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરમાં માત્ર ૨૦૦/– માં ડાયાલિસિસ કરી શકાય છે. કુલ ૨૨ ડાયાલિસિસ મશીનો સ્થાપિત કરવામાં આવ્યા હતા. કૃપા કરીને. આને ફોરવર્ડ કરો જેથી અન્ય લોકો તેનો લાભ લઈ શકે. આભાર.

કૃપા કરીને આને તમારા ગ્રુપમાં મોકલો આ બધા ડાયાલિસિસ દર્દીઓ માટે ઉપયોગી સંદેશ છે

પ્રાપ્ત થયા મુજબ ફોરવર્ડ કરવામાં આવ્યો છે.

## સમય પરિવર્તન

### થોડા જ વર્ષો પછી ચાતુર્માસ કેવા હશે ?

### -:: ચાતુર્માસ ::-

અષાઢ સુદ-૧૪ થી ભાદરવા સુદ-૪ સુધીના હશે.

લગભગ ઘણા ચાતુર્માસ તીર્થ ભૂમિ મા રહેશે.

ગામોમાં ચાતુર્માસ ચાર મહિનાના નહી રહે.

ગામડામાં ૮ દિવસ માટે પર્વ પર્યુષણ માટે જ સાહેબજી પધારશે.

પર્વ પર્યુષણ પર્વ પછી સાહેબજી નજદીક ના તીર્થ ભૂમિ મા રહેશે અને ત્યાં ચાતુર્માસ પૂર્ણ કરશે.

આ બધાંજનું કારણ પર્વ પર્યુષણ પછી કોઈને ઉપાશ્રય મા જવામાં રસ નથી.

બધાજ લોકો મોબાઇલ મા વ્યસ્ત રહે છે.

યુવા વર્ગ ને ધર્મ ગમતો જ નથી.

વડીલોના ધંધા પાણી રહ્યા નથી.

યુવાનોને પોતાનો જોબ (નોકરી) કરવો પડે છે. તેમાં ટાઈમ મળતો નથી. બધાના દીકરાને ઊંચા શિક્ષણ ની ચિંતા છે.

ઘરોની અંદર બાહરી ખાનપાન વધી રહ્યું છે. ઘરમા રસોઈ બનાવવા, બેનોને પણ હવે ટાઈમ મળતો નથી. કારણ કે નાના બાળકો ને હોમ વર્ક, પ્રોજેક્ટ બનાવવા પડે છે. બાળકોના હોમવર્ક, પ્રોજેક્ટ બાળકોને આવડતા જ નથી, યે કામ મમ્મી જ કરી આપે છે, મમ્મીઓ તેમાંજ ઊંચી આવતી નથી. એમાં બેનોનો કોઈ જ વાંક પણ નથી.

છોકરીઓ ને ઘર કામ નહીં પણ નોકરી કરવામાં રસ છે.

નોકરી પછી ઘરે આવતા રાત થઈ જાય છે. માટે સાંજની રસોઈ બનતી નથી અને એ માટે જ સાધુ ભગવંતોને સાંજ ની ગૌચરી મળવી મુશ્કેલ બને છે.

બધાને બાળકોને સારા સંસ્કાર આપવામાં સમય, રસ નથી પણ ભૌતિક શિક્ષણ આપવામાં રસ છે.

ધર્મ ના ભાવ ઓછા છે પણ પૈસા ના જોર પર હું કેટલો ધર્મી છુ. એ બતાવા માટે જ અનુષ્ઠાનો થઈ રહ્યા છે. કેટર્સ, લાઈટિંગ, ડેકોરેટર, સાઉન્ડ સિસ્ટમ, ઇવેન્ટ મેનેજમેન્ટ વાળા લોકો માલામાલ થઈ ગયા છે.

સંસ્કાર ન હોય તો બધાને ચાલશે પણ ગમે તેમ ભરપુર પૈસો, મોટરગાડી, મોટર સાયકલ, બંગલો જોઈએ છે.

જૂની દુકાનો ચાલતી નથી. મોલ, ડી માર્ટ, આવી ગયા છે. ઓન લાઇન થી બધું જ મળે છે. પિઝા, બર્ગર, પણ ઘરે આવી જાય છે. પછી રસોઈ કોણ બનાવશે. રાતના ૧૨ વાગે સુધી સોસાયટી મા પિઝા બર્ગર આવે છે.

બધું જ પામતેલ ની બનેલી આઇટમ હોય છે. માટે તબીયત ને હાનિકારક બને છે પણ કોઇને તેની ચિંતા નથી.

જય જિનેન્દ્ર.... (વોટસઅપમાંથી સાભાર)

## બીજું શું જોઈએ યાર ?

ખાવા મીઠાં બે ? રોટલાં હોય,
રહેવા નાના ઓટલા હોય;
ઓછી ઇચ્છાના પોટલાં હોય,
બીજું શું જોઈએ યાર ?

સાવ નિરોગી કાયા હોય,
સંતાનો બધાય ડાયા હોય;
માવતરની અમૂલ્ય છાયા હોય,
બીજુ શું જોઈએ યાર ?

ફટ દઈ ઊંઘ આવતી હોય,
સારું કરવાની મતિ હોય;
કરૂણા સહુ પ્રતિ હોય,
બીજુ શું જોઈએ યાર ?

સંપીલો પૂરો પરિવાર હોય,
મગજ પર જરીય ભાર ન હોય;
નિર્દોષ ખુશીઓની ભરમાર હોય,
બીજુ શું જોઈએ યાર ?

પેટ ભરીને ખવાતું હોય,
ખાધેલું પચી જાતું હોય;
મોજ ભરેલી વાતું હોય,
બીજુ શું જોઈએ યાર ?

પ્રભુનું નિત્ય સ્મરણ હોય,
ભલે પછી એ અભણ હોય;
દંભ રહિત જીવવાની લઢણ હોય,
બીજુ શું જોઈએ યાર ?

સુંદર મજાનો સ્વભાવ હોય,
ભલેને રૂપિયાનો અભાવ હોય;
ભીતરી ઉજાસનો પ્રભાવ હોય,
બીજુ શું જોઈએ યાર ?

સ્વજનો આસપાસ ? હોય,
પીવા ભલેને છાસ ? હોય;
પ્રસન્નતાની સુવાસ ? હોય,
બીજુ શું જોઈએ યાર ?

તંદુરસ્ત બસ ? તન હોય,
અહોભાવયુક્ત મન હોય;
સંતોષ નામનું ધન હોય
બીજુ શું જોઈએ યાર ?

તારા- મારાનો ભેદ ન હોય,
હારવાનો કોઈ ખેદ ન હોય;
સંબંધોમાં છેદ ન હોય,
બીજુ શું જોઈએ યાર ?

ખાવા ભલે ખીર ન હોય,
ભલે શ્રીમંતાઈની તકદીર ન હોય;
પણ, અંતરમાં પ્રભુ વીર હોય... તો,
બીજુ શું જોઈએ યાર ?

(વોટસઅપમાંથી સાભાર)

## 'પર્યુષણ મહાપર્વ નિમિત્તે એક નવો ઈતિહાસ લખાઈ રહ્યો છે' : મુખ્યમંત્રી ફડણવીસ

### પૂ.ગુરૂદેવ શ્રી રાકેશજીના પ્રવચનોએ લાખો હૃદયને ઝંકૃત કર્યા અને મુંબઈમાં આધુનિક હૉસ્પિટલનું શિલાપૂજન

મુંબઈના વરલીમાં ડોમ સ્ટેડિયમમાં તા.૨૦-૨૭ ઓગસ્ટના આઠ દિવસોમાં એક અભૂતપૂર્વ સમારોહ યોજાયો હતો. શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા આયોજિત પર્યુષણ મહાપર્વની આરાધનાઓમાં દેશ-વિદેશથી આવેલ ધર્મપિપાસુઓથી આ સ્ટેડિયમ ખીચોખીચ ભરાઈ જતું હતું. તેમનું મુખ્ય આકર્ષણ હતું પૂ.ગુરૂદેવશ્રી રાકેશજીના પ્રવચનો. તેઓશ્રીના સવારના પ્રવચનો 'નાટક સમયસાર'ના સંવર અધિકાર પર અને સાંજના પ્રવચનો શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત : પત્રાંક ૫૦૫ પર આધારિત 'સંસારરોગનું હિતકારી ઔષધ' આ વિષય પર હતા. આ સત્સંગ શ્રેણીઓની એવી બોધધારા વહી હતી કે તેમાં ભીંજાઈ સૌ કોઈએ વીતરાગધર્મની શીતળતાનો પરમ સ્પર્શ અનુભવ્યો. તેઓશ્રીના વચનોએ આધુનિક જીવનશૈલીમાં પણ ધર્મને રસમય અને અમલ કરવા યોગ્ય બનાવ્યો છે. આથી જ અહીં યુવા વર્ગની પ્રચંડ હાજરી નોંધાઈ હતી.

પૂ.ગુરૂદેવશ્રી રાકેશજીએ પર્યુષણ મહાપર્વના મહત્ત્વને સંક્ષિપ્તમાં સમજાવતાં કહ્યું કે પર્યુષણ એ ચાર એફ વિશે છે - ફાસ્ટિંગ ઑફ ધ ઈગો, ફિસ્ટિંગ ઓવર વર્ચ્યૂસ, ફોક્સિંગ ઓન ધ સોલ અને ફરગીવનેસ ફોર ઓલ.

તા.૨૬ ઓગસ્ટની સાંજે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન માનનીય શ્રી દેવેન્દ્ર ફડણવીસજી પૂ.ગુરૂદેવ શ્રી રાકેશજીના આશીર્વાદ અર્થે પધાર્યા હતા. આ પ્રસંગે તેમણે શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા મુંબઈના મલાડમાં ૮૬,૦૦૦ ચો.ફૂટમાં નિર્માણ થનારી 'શ્રીમદ્ રાજચંદ્ર એનિમલ હોસ્પિટલ'ના પાયાના પથ્થરનું પૂજન અને તક્તિનું અનાવરણ કર્યું હતું. ભગવાન મહાવીરના જીવમૈત્રીના સંદેશને ચરિતાર્થ કરતી ૧૦૦ બેડની નાના, મોટા તમામ પ્રાણીઓ માટેની આ હૉસ્પિટલ અનેક અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ હશે.

શ્રી દેવેન્દ્ર ફડણવીસજીએ આ પ્રસંગે કહ્યું કે, 'પર્યુષણનું નિમિત્ત લઈને આપણી આધ્યાત્મિક ચેતનાને જાગૃત કરી રહ્યા છે એવા પૂ.ગુરૂદેવશ્રી રાકેશજીને હું પ્રણામ કરું છું. મારા માટે અત્યંત ગર્વની વાત છે કે આજે પર્યુષણ મહાપર્વના પ્રસંગે એક નવો ઈતિહાસ લખાઈ રહ્યો છે. કારણ કે મુંબઈમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા આધુનિક પશુ હોસ્પીટલનો પાયો નંખાઈ રહ્યો છે. શ્રીમદ્ રાજચંદ્રજી જેવા સંતના વિચારોને પૂજ્ય ગુરૂદેવશ્રી અત્યંત સમર્થતા સાથે આગળ ધપાવી રહ્યા છે. તેઓશ્રી જે રીતે આજના સમયમાં યુવાઓનું નેતૃત્વ કરી રહ્યા છે, તે અત્યંત પ્રેરણાદાયક છે. આગામી SRMD ગ્લોબલ યુથ ફેસ્ટિવલ એ જ દિશામાં એક પ્રયાસ છે. મને વિશ્વાસ છે કે તે ખૂબ જ સફળ થશે અને યુવાઓને દિશા બતાડશે.

મુંબઈના સુપ્રસિદ્ધ જિઓ વર્લ્ડ ગાર્ડન ખાતે ૬-૭ ડિસેમ્બરના રોજ યોજાનાર SRMD ગ્લોબલ યુથ ફેસ્ટિવલ ૨૦૨૫ની આઠમી આવૃત્તિ વિશ્વભરના હજારો યુવાઓ માટે એક અનોખો ફેસ્ટિવલ છે, જે જ્ઞાન, સુખાકારી, સર્જનાત્મકતા અને સેવાને એકસાથે જોડે છે. આનું મુખ્ય આકર્ષણ છે, પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશજીનો વિઝડમ માસ્ટરક્લાસ. અહીં ધ હીરોઝ જર્ની જેવા સ્વઅન્વેષણના અનોખા મેઝ મારફતે યુવાઓને તેમના આંતરિક વિશ્વને શોધવાનો મોકો મળશે. સાથે જ વર્કશોપ્સ, સંગીત-કોન્સર્ટ યોગ, રમતગમત, સામાજિક પ્રોજેક્ટ્સ વગેરે માણવાનો અવસર મળશે. વિશ્વસ્તરીય સ્થળ, આકર્ષક ઈન્સ્ટોલેશન્સ અને ડ્રીમ ડિસ્ટ્રિક્ટ તથા કિનેટિક કોર જેવા થીમ આધારિત ઝોન આ ફેસ્ટિવલને અનન્ય બનાવશે. વિદ્યાર્થીઓ, પ્રોફેશનલ્સ, સર્જકો કે યુવા પેરન્ટ્સ દરેક માટે અહીં કંઈક ખાસ ડિઝાઈન કરાયેલું છે. આ ઉત્સવ યુવાઓને જીવનભરની યાદગાર ક્ષણો ભેટમાં આપશે.

પર્યુષણ મહાપર્વની ઉજવણીઓમાં સવારની સ્નાત્રપૂજા અને સાંજની વિવિધ ભક્તિમય પ્રસ્તુતિઓ, નાટ્યપ્રયોગ - એક આત્મરાસી કી અનોખી કહાની, બાળકો દ્વારા હૃદયસ્પર્શી પ્રસ્તુતિ - ગેલક્સી ઑફ ગ્રેસ, વિધ્યાત્મન - શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ યુનિવર્સિટીની પરિકલ્પના, ભગવાન મહાવીરના જન્મોત્સવની ઉજવણીઓ, જયવીરાય સૂત્ર પારાયણ - પરમાત્મા પ્રત્યે ૧૩ પ્રાર્થના વગેરેએ ઉત્સવ અને ઉત્સાહનું ભવ્ય વાતાવરણ સર્જ્યું હતું અને આઈ લવ પર્યુષણના આનંદદાયક સત્રોએ ૬ થી ૧૬ વર્ષના બાળકોને રસમય રીતે ધર્મની સમજણ આપી હતી. બુધવાર, ૨૭ ઓગસ્ટ, આ ક્ષમાપર્વની પવિત્ર પરાકાષ્ઠાના દિને અત્યંત ભાવવાહી અને હૃદયસ્પર્શી સાંવત્સરિક આલોચનામાં ભીંજાઈ સૌએ ક્ષમાપનાના ભાવ સાથે આંતરિક શુદ્ધિ અનુભવી હતી.

આ પર્યુષણપર્વના પ્રવચનોમાં આવેલ રૂપમ અને રૂપમિલન સારીસ પ્રા.લિ.ના ડિરેક્ટર લીનાબેન શાહે કહ્યું કે, પૂ.ગુરૂદેવશ્રી રાકેશજીના સત્સંગમાં એટલી ઊર્જા, એટલો આનંદ અનુભવાય છે કે વર્ણન ન થઈ શકે. જે આધ્યાત્મિક વાતો સમજતા કલાકો લાગી શકે એ વાત તમે થોડી જ મિનિટોમાં સમજી જાવ છો, એ જ પૂ.ગુરૂદેવશ્રીની વાણીની અપૂર્વતાનું પ્રમાણ છે. વિનોદવૃત્તિ અને દૃષ્ટાંતો સાથે અત્યંત વાત્સલ્યપૂર્વક આટલી ગહન વાતો એવી રીતે સમજાવી છે કે તરત જ તેને અમલમાં મૂકવાનો નિશ્ચય થયો છે.

આમ પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશજીના પાવન સાંનિધ્યમાં ઉજવાયેલ પર્યુષણપર્વે ભાવિકોને આધ્યાત્મિક ઊંડાણનો અનુભવ કરાવ્યો. પ્રાણીઓ પ્રત્યે કરુણાનું સંવર્ધન તથા ભક્તિ અને સાધનાનો ઉલ્લાસ નવો ઊર્જા સાથે ચોમેર પ્રસરી ઉઠ્યો.

# જીવનની મહત્તા

દિવસો ઉગે છે ને આથમે છે, વર્ષો પણ આવે છે ને જાય છે. કાળનું ચક્ર તો અવિરત ચાલ્યા જ કરતું હોય છે. કાળના ચક્રને વિશ્વને કોઈ વિજ્ઞાન થંભાવી શક્યું નથી. વિશ્વની કોઈ શક્તિ રોકી શકતી નથી. એવા અવિરત ચાલતા કાળના ચક્રમાં વર્ષો પૂર્ણ થઈ જતા હોય છે. પ્રતિ વર્ષ દિવાળી આવે છે. ઘેર-ઘેર આનંદ અને ઉલ્લાસ રેલાય છે. વેપારીઓ, ઉધોગકાર અને ધંધાર્થીઓ નવા વર્ષની આશાઓ હૈયામાં ભરીને વર્ષના નફા-નુકસાનનો તાગ માપી લે છે. શારદા પૂજન અને લક્ષ્મી પૂજન થાય છે. દુકાનો શણગારાય છે અને એક પ્રકારનું ધાર્મિક અને વૈભવવાળું વાતાવરણ સર્જાય છે.

ગૃહિણીઓ પણ દિવાળી સમયે ઘરની સાફસૂફી કરે છે. બારીઓ, તોરણો, ફોટાઓ અને બીજી દરેક પ્રકારની વસ્તુઓ સાફ થાય છે. ઘરના રસોડા વાસણો માંજીને ચકચકિત બનાવાય છે. મકાનો રંગરોગાનથી સુશોભિત કરવામાં આવે છે. દિવાળી ઉપર જાણે કે ઘરનો અને ઘરની સામગ્રીનો હિસાબ લેવાય છે. પરંતુ એક મહત્વની બાબતનો જ હિસાબ કરવાનો આ સમયે ભૂલાઈ જાય છે.

જેને લીધે આપણી સમૃદ્ધિ છે. જેને અંગે આ આપણા જગતના વૈભવો માણીએ છીએ અને જેનાથી આપણે જીવી રહ્યા છીએ એ જીવનનો જ આપણે હિસાબ કરતા નથી. આ એક મોટી ગંભીર ભૂલ આપણે કરી રહ્યા છીએ એનો કોઈને પણ વિચાર સરખો ય આવે છે?

આખા વર્ષ દરમ્યાનમાં જીવનનાં વેપારમાં નફા-નુકસાનનો હિસાબ કોણ કરતું હશે? જીવનનું સાચું મૂલ્ય કોણ સમજતું હશે? સામાન્ય રીતે તો જન્મ અને મૃત્યુ વચ્ચેનો કાળ લોભ અને મોહ, સ્વાર્થ અને ઈર્ષ્યા અને અનંત લાલસાઓથી ભરી આપણું જીવન બનાવીએ છીએ. સ્વાર્થવૃતિમાં જ કુપમંડુકની જેમ આપણે હંમેશા રાચીએ છીએ. મૃગજળ મેળવવા મથતા હરણની જેમ પૈસામાંથી જ જીવનની પ્યાસ સંતોષવા પ્રયત્ન કરતા હોઈએ છીએ. આ સાચું જીવન નથી. તે જીવન મૃત્યુ જ છે. પૈસા જરૂરના છે એટલો જ એનો સદઉપયોગ મહત્વનો છે. જો પ્રાપ્ત કરેલ ધનનો પોતાના અંગત મોજશોખ અને બીજા ભોગવિલાસ સિવાય બીજો કશો ઉપયોગ ન થાય તો એ ધનનો શો અર્થ?

જો તેનો સદુપયોગ કરવામાં ન આવે, માનવસમાજના કલ્યાણ માટે વાપરવામાં ન આવે ત્યારે એ ધન એ લક્ષ્મી અસુરોના કબજામાં રહેલી લક્ષ્મી જેવી જ બની રહે છે. તેથી જગતમાં જન્મીને જગતને, વતનને કે સમાજને કેટલા ઉપયોગી થયા એ પ્રત્યેકે વિચારવું જોઈએ.

આપણે જોઈએ છીએ કે સંસારમાં નફા-નુકસાનની માપણી કેવળ ભૌતિક સાધનો વડે જ થતી રહે છે. પરંતુ વાસ્તવિક રીતે આ માપણી સાચી નથી હોતી. કારણકે સંપતિ, ધન, યૌવન પરિવાર વગેરે કોઈને કોઈ દિવસે નષ્ટ થવાના જ હોય છે. જે વસ્તુ પોતે જ નાશવંત છે, સ્વભાવથી અને પરીણામથી પણ નાશવંત છે તે વસ્તુ કદાચ વધી હોય તો હર્ષ પામવાનું રહેતું નથી અને ઘટી હોય તો શોક પામવાનું રહેતું નથી.

સાચો માર્ગ તો એ છે કે લોકોએ પૈસો કેટલો મેળવ્યો અને કેટલો ગુમાવ્યો તે પર વિચાર ન કરતાં કેટલું ધન પુણ્ય કાર્યમાં વાપર્યું અને કેટલું નકામા કાર્યોમાં વેડફી નાખ્યું તે જ જોવું જોઈએ. નાશવંત વસ્તુનું સરવૈયું એ સાચું સરવૈયું નથી. સાચું સરવૈયું તો ગુણ, સાદાઈ અને સદાચારના નફા-નુકશાનનું છે. વ્યવહારિક દૃષ્ટિએ લોકો નફા-નુકસાનનો હિસાબ ભલે તપાસે પરંતુ તેઓને અંતરની સંપતિથી ક્ષય વૃદ્ધિ પ્રત્યે જરાયે ઉપેક્ષા ન રાખવી જોઈએ.

પરંતુ આ ભાવના આજે રહી નથી. વર્ષમાં મળેલા નફાના હિસાબોની સાથોસાથ એ વર્ષમાં કોને ઉપયોગી થયા. આપણા જગત પરના અસ્તિત્વને શોભા આપે એવું ક્યું કાર્ય કર્યું એનો કોઈ હિસાબ કરે છે? એવું બધુ જાણવાની કોઈ પરવા કરે છે? જીવન એટલે જ સ્વાર્પણ.

મીણબત્તીની જેમ બીજાને પ્રકાશ આપતા જીવનનો લય કરવો, કીર્તિની લાલસા વિના ફૂલની જેમ વિશ્વમાં સૌરભ રેલાવતા અજ્ઞાત એકાંતમાં મુરઝાઈ જવાની તમન્ના, ગર્વહીન વૃક્ષોની જેમ ફળોથી મૂક લચી રહેવાની ભાવના, પોતાની ઉદારતાનો સદુપયોગ થાય કે દુરુપયોગ, પ્રશસ્તિ કે ઉપેક્ષા એ જોવા જાણવાની દરકાર વિના કલકલ વહેતા ઝરણાની માફક પોતાના નિ:સ્વાર્થ કાર્યમાં મસ્ત રહેવાની ઈચ્છા!

આમાં જ જીવનની મહત્તા છે. સાચા જીવનની ચાવી છે. જીવનનાં સાચા મૂલ્ય આંકવાનો અને સમજવાનો પ્રયત્ન કરવો જરૂરી છે. જીવનના હિસાબમાં ચિત્તની સ્થિરતા, સ્વસ્થતા અને ચીવટ રાખવાની કાળજી હિતાવહ છે. ભલે કદાચ આપણે જીવનની ઘણી જ ઉચ્ચ કક્ષાએ પહોંચી ન શકીએ પરંતુ એથીએ ધ્યેય જ છોડી દેવા જેવું નથી. એ ધ્યેયને સિદ્ધ કરવા માટે પુરુષાર્થ કરવાનું જારી રાખવું જોઈએ અને ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરવા માટેની ભાવના સેવવી જોઈએ. દરેક મનુષ્ય ભલે મહાન ન બની શકે પરંતુ સાચા માનવ બનવા માટેની યોગ્યતા તો કેળવણી જોઈએ. અને જ જીવનની સાચી મહત્તા છે.

## પુણે પાસે બન્યું અદ્વિતીય જૈન મ્યુઝિયમ



જૈન મૂલ્યો, જૈન ઈતિહાસ અને જૈન ધર્મને ઉજાગર કરતું એક અદ્વિતીય અને અજોડ ડિજિટલ મ્યુઝિયમ ગત નવેમ્બરમાં પુણે શહેરથી ૪૫ કિલોમીટર દૂર મુંબઈ–પુણે હાઈવે પર પારવડી, માવલ પાસે ખુલ્લું મુકાયું છે. જૈન 'અભય પ્રભાવના' મ્યુઝિયમ અને નોલેજ સેન્ટર નામ આપવામાં આવ્યું છે.

વિખ્યાત ફોર્સ મોટર્સના ચેરમેન, સમાજસેવા અને દાનવીર અભય ફિરોદિયાએ લગભગ ૫૦૦ કરોડ રૂપિયામા ખર્ચે આ મ્યુઝિયમ અને નોલેજ સેન્ટર બનાવ્યું છે. દેશનું આ પ્રથમ ડિજિટલ મ્યુઝિયમ છે જે દુનિયાભરના દર્શકો માટે ખુલ્લું મુકાયું છે. આ મ્યુઝિયમને તૈયાર કરતાં લગભગ ૧૨ વર્ષનો સમય લાગ્યો હતો. અભય પ્રભાવના મ્યુઝિયમ અને નોલેજ સેન્ટર ૫૦ એકરની વિશાળ જગ્યામાં ફેલાયેલું છે. પુણેથી ૪૫ કિલોમીટર દૂર ઈન્દ્રાયણી નદીના કિનારે અને ૨૨૦૦ વર્ષ જૂની પીલી જૈન ગુફાઓની નજીક આ પરિસર આવ્યું છે. તેમાં રાજસ્થાનના ચિત્તોડગઢના કિલ્લાની અને જેસલમેરના પથ્થરોથી તૈયાર કરાયેલી ભવ્ય પ્રતિકૃતિ ઉભી કરવામાં આવી છે. જેમાં વિશિષ્ટ રીતે ડિઝાઈન કરેલી ૩૦ એક્ઝિબિશન ગેલરીઓ છે. જેમાં અદ્વિતીય કારીગરી, ક્યુરેટેડ ઈન્સ્ટોલેશન અને જૈન મૂર્તિઓ અને પ્રતિકૃતિઓ છે. મ્યુઝિયમ જોવામાં લગભગ ચાર કલાકનો સમય લાગે છે. પ્રવેશ ફી વ્યક્તિ દીઠ ૫૦૦ રૂપિયા છે. બુધ અને શુક્રવારે સવારે ૯.૧૫ થી સાંજે ૫.૩૦ અને શનિ–રવિવારે સવારે ૯.૧૫ થી રાત્રે ૮.૩૦ વાગ્યા સુધી ખુલ્લું રહે છે. વધુ માહિતી માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૬૮૫૦૦૧ અથવા મોબાઈલ નંબર ૯૨૨૬૫૧૪૮૩૦ ઉપર સંપર્ક કરી શકાય છે. વેબસાઈટ પરથી બુકિંગની માહિતી પણ મળશે. Website : www.abhayprabhavana.org

## બીજાની ભૂલો કાઢતાં પહેલાં વિચારો

૨૧મી સદીમાં દરેક માણસ પોતાને એટલા સ્માર્ટ સમજે છે કે, તે કોઈ પણ વ્યક્તિ સારા કર્મ માટે આગળ વધતો હોય છતાં તેની વારંવાર ભૂલો શોધીને તેને નબળો પાડવામાં આવે છે, પરંતુ એ લોકો એમ નથી સમજતા કે એ વ્યક્તિ જે સારું કામ કરવા માટે આગળ વધી રહ્યો છે તે પોતાની પૂરી નિષ્ઠા સાથે એ સારા કામમાં સંકળાયેલો હોય છે. છતાં તેની ભૂલો વડે તેને નીચે પાડવામાં આવે, તો એ ભૂલ કાઢવાવાળાની જ મોટી ભૂલ છે. ગુજરાતીમાં કહેવત છે કે, 'માણસ માત્ર ભૂલને પાત્ર'.

અને એક હકીકત છે કે, સારા કર્મમાં થયેલી ભૂલ પણ ખોટી નથી. સ્વયં ભગવાને પણ ભગવદ્ ગીતામાં કહેલું છે કે, માનવીએ કરેલાં કર્મનું ફળ તેને મળીને જ રહે છે, તો પછી શા માટે આ માણસ પોતે પોતાને હોશિયાર સમજીને બીજાની ભૂલો કાઢે છે. પહેલાં ભૂલ કાઢવાવાળાને એક વિચાર કરવો જોઈએ કે, શું જે કામમાં એ બીજાની ભૂલો કાઢી રહ્યો છે શું તે પોતે એવું સારું કર્મ કરી શકે છે. જે વ્યક્તિ કંઈક કરવાનો પ્રયત્ન કરે છે તેની જ ભૂલો થાય છે. બાકી કઈ જ ન કરવાવાળાની ભૂલો તો ક્યારે થતી જ નથી. મારા મત મુજબ, કઈ ન કરવા કરતા કંઈક કરે છે તે વધુ હોશિયાર છે.


### શ્રી સંઘના એશોસીએટ પેટ્રન સભ્ય કોણ બની શકે ?

એક રસોડે રહેતા કુટુંબમાં પિતાશ્રી આજીવન કે પેટ્રન સભ્ય હોય તેમના પુત્ર ૨૫ વર્ષથી ઉપરના હોય અને સાથે રહેતા હોય તે **એશોસીએટ પેટ્રન સભ્ય પદ** મેળવી શકશે. અને તેઓ શ્રી સંઘની પ્રગતી, વિકાસ અને ઉત્કર્ષના કાર્યોમાં શ્રી સંઘમાં કારોબારી સમિતીમાં જોડાઈ શકશે અને હોદ્દો પણ મેળવી શકશે.

**-: સંપર્ક :-**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-મુંબઈ**

ન્યુ ઈંડિયા હાઈટ્સ, ૮મે માળે, ઓલ્ડ પોલીસ લેન,
રેલ્વે સ્ટેશનની સામે,
અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯.

**મો.: ૯૧૩૭૩૪૨૮૧૮**

**ફોર્મ મેળવવા માટે :**

દામોદરવાડી, દુકાન નં.૯, ચક્રવર્તી અશોક રોડ,
કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૧૦૧.

# ધાર્મિક શિક્ષણમાં જાગૃતિ એટલે સુવિકસિત સુરક્ષિત સમાજ

## ધાર્મિક શિક્ષણમાં યોગદાન...પુણ્ય કમાવવાનો સુંદર અવસર

સમાજ પરિવારનાં વિકાસ – સફળતામાં સૌથી મહત્વની – અગત્યની બાબત કોઈ હોય તો તે સંસ્કારિતા અને ધાર્મિક સંસ્કારોનો વારસો. આ માટે કહી શકાય કે જેટલું સારૂ ધર્મ–સંસ્કારોનો સિંચન એટલાં જ સારા મીઠા ફળો સ્વરૂપ સફળ જીવનની મધુરતા.

ધર્મ સંસ્કારોનો વારસો ઉજ્જવલ બની રહે તે માટે જેટલી જવાબદારી માતા–પિતા કે વડીલોની છે. તેટલી જ જવાબદારી પરિવારોની અને સમાજની પણ બને છે. અને તેમાં પણ સાધુ–સંતોનો પ્રભાવ વિશેષ હોય છે.

સમાજનું સુવિકસિત – સંસ્કારીત આયોજન હોય તો સમાજની ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે છે. આપણા સમાજનાં પરિવારો સંસ્કાર, સંગઠન અને સંપથી ઉજળા બને છે. જેમાં પ્રગતિ – વિકાસ ઉત્તરોત્તર વધતા રહે છે. આમ જોઈએ વ્યક્તિ – પરિવારોથી તો સમાજ બને છે. એટલે તો ચોક્કસ કહી શકાય કે જેટલો વ્યક્તિઓ – પરિવારોનો વિકાસ એટલો વિકસિત સમાજ – સંગઠીત સમાજ – મજબૂત સમાજ.

હાલના આધુનિક અને ટેક્નોલોજીનાં યુગમાં એજ્યુકેશનમાં ઘણી બધી પ્રગતિઓ જોવા મળેલ છે. તો આ ટેક્નોલોજીની વિપરીત અસરો પણ રહી છે. મોબાઈલ – ટેબલેટ, કોમ્પ્યુટરમાં સતત રાચતા રહે તો બાળકો વોટસઅપ, ફેસબુક ચેટીંગમાં એટલો વ્યસ્ત રહે છે. કે સાચા સંસ્કારો – ધર્મ શિક્ષણથી કાંઈક અંશે દૂર થતા જાય છે. કોઈપણ સમાજ માટે ધાર્મિક શિક્ષણ ખૂબ જ અગત્યનું અનિવાર્ય બને છે. આપણા શ્રી સંઘના અને સમાજનાં પરિવારોનાં ભાઈઓ – બહેનો અને બાળકોમાં ધાર્મિક શિક્ષણનું પ્રમાણ ઘટતું જોવા મળી રહ્યું છે.

આપણા શ્રી સંઘ તરફથી આપણા સમાજનાં પરિવારોનાં બાળકોમાં ધાર્મિક શિક્ષણ ઉજ્જવળ બને અને આપણા સંઘ સમાજમાં ધર્મની જાગૃતિ વધે. આપણા સમાજમાં ધાર્મિક શિક્ષણનો વ્યાપ વધે તે માટે શ્રી સંઘ તરફથી ખૂબ સારા ઉત્તમોત્તમ પ્રયાસો સ્વરૂપ આયોજન થતા રહ્યા છે. આપણા શ્રી સંઘ તરફથી આપણા સભ્ય પરિવારોનાં ભાઈઓ – બહેનો અને બાળકોને ધાર્મિક શિક્ષણ મહાસંઘની પરીક્ષા લેવામાં આવે છે. જેમાં ઉચ્ચ ગુણાંક મેળવી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવનારને પારિતોષિક આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે. તેઓનું ઉચિત બહુમાન કરવામાં આવે છે.

શ્રી સંઘ આ ધાર્મિક શિક્ષણમાં ઉચ્ચ ગુણાંક મેળવનારનું ઉચિત બહુમાન કરવા પારિતોષિક આપી પ્રોત્સાહિત કરવા માટેના આયોજન રૂપ માટે પ્રેરકદાતા તરીકેના લાભ લેવા ઈચ્છતા ઉદારદિલ પરિવારોને નમ્ર વિનંતી કરીએ છીએ. હાલમાં એક ઉદારદિલ ઝાલાવાડી પરિવાર તરફથી રૂા.૯ લાખમાં ઓફર આવેલ છે. આ ઉમદા લાભ લેવાની જે કોઈ પરિવારની ભાવના હોય તો તેઓએ નીચે જણાવેલ વિગત ઉપર સંપર્ક કરશોજી.

– ગીરીશભાઈ કાન્તીલાલ શાહ

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

# મહિલા સ્વરોજગાર

આપણા ઝાલાવાડ સંઘના સભ્ય પરિવારની મહિલા / બહેનો આર્થિક ઉપાર્જન કરી પરિવારની સંકળામણ દૂર કરવા અથવા વધારે આવક મેળવી પરિવારની આવકમાં વૃદ્ધિ કરવા કાંઈને કાંઈ પ્રવૃત્તિઓ જેવી કે બ્યુટી પાર્લર, મેહંદી મુકવી, બાળકો અને મહિલાઓના કપડાનું વેચાણ, ઈમીટેશન જ્વેલરીનું વેચાણ, ખાખરા-ફરસાણ, અથાણા, મસાલા વિગેરેનું વેચાણ તથા ધાર્મિક પાઠશાળાનુ શિક્ષણ, ઘરેથી ટ્યુશન ક્લાસીસ વગેરે જેવી અનેક વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આવક મેળવવા સંઘર્ષ કરતા જોવા મળેલ છે. આ પ્રકારની આવકમાં વૃદ્ધિ કરવા સમાજના પરિવારોની મહિલા / બહેનો માટે '**ઝાલાવાડ જૈન દર્શન**' માસિક પત્રિકામાં ૩ માસ (માર્ચ - ૨૦૨૫ સુધી) વિનામૂલ્યે (નિઃશુલ્ક) જાહેરાત પ્રકાશિત કરવામાં આવશે. **સંપર્ક : મો.: ૯૧૩૭૩૪૨૮૧૮ / ૯૦૨૯૦૪૦૧૫૦ સમય : ૧૧.૩૦ થી ૫.૩૦ સુધી (નીચેના દરેક પરિવારો ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘના આજીવન સભ્યો છે)**

## બ્રાઈડલ મેકઅપ આર્ટિસ્ટ એન્ડ હેર સ્ટાઈલિસ્ટ

**લગ્ન અને શુભ પ્રસંગોમાં મેકઅપના સ્પેશ્યાલિસ્ટ ૯ વર્ષના અનુભવી અને બેસ્ટ હોમ સર્વિસ**
**સેલીબ્રેટી મેકઅપ આર્ટિસ્ટ**



**: પ્રિયંકા સલોત :**
**૯૬૧૯૦૬૪૬૩૦ / ૯૦૮૨૩૦૮૩૮૫**

## મેહંદી આર્ટિસ્ટ

**લગ્ન પ્રસંગ તથા અન્ય શુભ પ્રસંગોમાં મેહંદી મુકવા માટે**
**૧૦ વર્ષના અનુભવી**



**: કિંજલ પારેખ :**
**૯૧૬૭૫૧૧૮૬૫**

## જય માણેક ટીફીન એન્ડ કેટરીંગ સર્વિસ

**શુદ્ધ શાકાહારી જૈન ટીફીન સર્વિસ કાંદીવલી (વે) માં ૧૪ વર્ષથી**



**જૈન રસોઈનું ટીફીન મેળવવા માટે તેમજ ટ્રેઈન માટે પાર્સલ સર્વિસ, નાના-મોટા પ્રસંગોના રસોઈના ઓર્ડર લેવામાં આવે છે. બહારગામ લઈ જવા માટે થેપલા ઓર્ડરથી બનાવવામાં આવશે.**

**: જીજ્ઞાબેન રસોઈવાળા :**
**મો.: ૭૨૦૮૨૧૪૧૩૨ / ૮૩૬૯૦૩૧૫૦૨**

## શુદ્ધ શાકાહારી જૈન ટીફીન સર્વિસ મીરારોડ (ઈસ્ટ)

**ઘરે બનાવેલા અથાણા - મસાલા - ખાખરા - પાપડ ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે**
**નાના પ્રસંગો માટે કેટરીંગ સર્વિસ**



**પૂર્વીબેન : ૯૮૧૯૧૫૬૭૭૩**
**શોભનાબેન : ૯૩૨૦૪૦૪૭૧૯**

**શુદ્ધ શાકાહારી જૈન ટીફીન**

## જય ખોડીયાર ટીફીન સર્વિસ

**બોરીવલી (ઈસ્ટ)**



**નાના-મોટા શુભ પ્રસંગોમાં રસોઈ તેમજ ટ્રેઈન માટે પાર્સલ સર્વિસ બનાવી આપવામાં આવશે**

**ઉષાબેન વસંતભાઈ શાહ : ૮૯૨૮૧૭૬૧૬૧**

**સોનગઢની પ્રખ્યાત હિરામોતી બાંધાની હિંગ તેમજ હિરામોતી દરેક મસાલા હવે ભાયંદર (મુંબઈ)માં પણ મળશે.**
**આપના ઘરે ડીલીવરી સુવિધા પણ ઉપલબ્ધ છે.**
**તો આજે જ સંપર્ક કરો.**
**૨૫૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ, ૧ કિલોગ્રામ પેકિંગમાં ઉપલબ્ધ**
**નેહા શાહ : ૭૦૩૯૪૪૬૪૭૫**

## બ્રાઈડલ મેકઅપ આર્ટિસ્ટ અને હેર સ્ટાઈલિસ્ટ

**લગ્ન અને શુભ પ્રસંગોમાં મેકઅપના સ્પેશ્યાલિસ્ટ ૧૧ વર્ષના અનુભવી અને બેસ્ટ હોમ સર્વિસીસ**



**સપ્લાયર ઓફ હોમ મેઈડ ફ્રેશ ચા મસાલા,**
**હોમ મેઈડ સુગર ફ્રી ડ્રાયફ્રૂટ દૂધ મસાલા,**
**હોમ મેઈડ સુગર ફ્રી ડ્રાયફ્રૂટ ખજુર પાક,**
**હોમ મેઈડ ફ્રેશ કલકત્તી પાન મસાલા,**
**કોચીન સ્પેશ્યલ તેજાના (ડ્રાય સ્પાઈસીઝ)**
**: મિનળ મહેતા : ૯૮૨૦૬૩૭૩૭૧**
**ઘાટકોપર (ઈસ્ટ)**

# શુભ વેવિશાળ.....

**શ્રી સંઘના આશીર્વાદ - શુભેચ્છા**

| | | વર પક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| ચિ. કેવીન ચિ. રિધ્ધી | | | |
| શ્રી જાગૃતિબેન અતુલભાઈ વસાણી | કેળવણી | ૫૦૦ | ૫૦૦ |
| બોટાદ હાલ બોરીવલીના સુપુત્ર | પત્રિકા | ૫૦૦ | ૫૦૦ |
| શ્રી વર્ષાબેન હિતેષભાઈ વોરા | સાધર્મિક | ૫૦૦ | ૫૦૦ |
| સુરેન્દ્રનગર હાલ કાંદીવલીની સુપુત્રી | સમૂહલગ્ન | ૫૦૦ | ૫૦૦ |
| | તબીબી | ૫૦૦ | ૫૦૦ |
| | તપશ્ચર્યા | ૫૦૦ | ૫૦૦ |
| | યાત્રિકભવન | ૫૦૦ | ૫૦૦ |
| | ભોજનશાળા | ૫૦૦ | ૫૦૦ |
| | જીવદયા | ૫૦૦ | ૫૦૦ |
| ચિ. યશ ચિ. અનેરી | | | |
| શ્રી મનોજકુમાર અચલચંદજી પારેખ | કેળવણી | ૫૦૧ | ૫૦૧ |
| ચાણોદ હાલ મલાડના સુપુત્ર | પત્રિકા | ૫૦૧ | ૫૦૧ |
| શ્રી જયમીનભાઈ રમેશચંદ્ર શાહ | સાધર્મિક | ૫૦૧ | ૫૦૧ |
| લીંબડી હાલ કાંદીવલીની સુપુત્રી | સમૂહલગ્ન | ૫૦૧ | ૫૦૧ |

## ડીજીટલ ઝાલાવાડ

સમય ડીજીટલ યુગનો છે આવનાર સમયમાં આપણા સમાજનો વિકાસ વેગવંતો બનાવવા આપણા સમાજને પણ ડીજીટલ યુગ સાથે કદમ મિલાવવા પડશે. આવનાર સમયની જરૂરિયાતોને જાણીને - સમજીને આપણા સમાજે પણ ડીજીટલમાં પ્રવેશ કરેલ છે. ઝાલાવાડ ડીજીટલ કમીટી દ્વારા ફક્ત ૧ મોબાઈલ વોટ્સએપ નંબર નક્કી કરવામાં આવેલ છે. આપણા સમાજનો ડીજીટલ વોટ્સએપ ચેટ બોટ નંબર **૯૦૭૬૩૪૨૮૧૮ (Digital WhatsApp Chat bot No. 9076342818)** આપવામાં આવેલ છે.

આપણા સમાજની સંસ્થા શ્રી ઝાલાવાડ સંઘ / શ્રી ઝાલાવાડ ફાઉન્ડેશન / ઝાલાવાડ બીઝનેશ ફોરમ / ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટમાં ચાલતી તમામ પ્રવૃત્તિઓ - માહિતીઓ સાથે યોજનાઓ - આયોજનો તેમજ સમાજમાં આવતા પ્રસંગો - કાર્યક્રમોની વિગતો આ નંબર ઉપરથી મળી શકે છે. આપણા સમાજની દર મહીને પ્રકાશિત થતી **'ઝાલાવાડ જૈન દર્શન'** પત્રિકાની પી.ડી.એફ. ફાઈલ પણ ઉપરોક્ત મોબાઈલ નંબર ઉપરથી મળી શકશે.

આપણા શ્રીસંઘની વેબસાઈટ : **www.zalawadjainsangh.org** ઉપર દરેક મહિનાની **'ઝાલાવાડ જૈન દર્શન'** પત્રિકાની પી.ડી.એફ. ફાઈલ મૂકવામાં આવે છે.

આપણા શ્રી સંઘ દ્વારા **WhatsApp Community Group** ચાલુ કરવામાં આવેલ છે. જે સભ્યશ્રીને ખાસ જોડાવવા વિનંતી. જોડાવા માટે નીચે જણાવેલ મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરવો

**મિતેશભાઈ - ૯૮૨૦૮૯૯૨૩૯ પ્રતીકભાઈ - ૯૯૬૭૯૯૬૬૪૫**

## જન્મદિન ની શુભેચ્છા

| | | |
|---|---|---|
| શ્રી નરેશ છબીલદાસ શાહ | ૨૦/૧૦ | ૯૧૬૭૪૪૭૬૬૭ |
| શ્રી દિલીપભાઈ ત્રંબકલાલ શાહ | ૫/૧૦ | ૯૮૨૦૨૭૦૬૯૩ |
| શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ | ૧૦/૧૦ | ૯૮૬૯૦૪૦૧૫૦ |
| શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ | ૧૦/૧૧ | ૯૮૧૯૯૧૭૨૬૪ |
| શ્રી દિપેન પ્રવિણચંદ્ર શાહ | ૭/૧૧ | ૯૮૨૦૦૮૨૮૭૮ |
| શ્રી અશ્વીન રસીકલાલ શાહ | ૧૬/૧૧ | ૯૮૨૦૮૪૦૫૧૮ |
| શ્રી કિર્તીભાઈ નંદલાલ ધ્રુવ | ૨૧/૧૦ | ૯૨૨૩૩૨૨૨૩૫ |
| શ્રી અતુલભાઈ રમણીકલાલ પરીખ | ૨/૧૧ | ૯૮૨૦૦૨૬૯૩૩ |
| શ્રી જીતેન્દ્ર ગોવીંદજી શાહ | ૫/૧૧ | ૯૮૨૦૨૭૧૯૨૫ |
| શ્રી જયેશ હર્ષદરાય ગાંધી | ૬/૧૧ | ૯૩૨૪૩૮૧૯૮૫ |
| શ્રી ધીરૂભાઈ રતીલાલ સંઘવી | ૩૦/૧૦ | ૯૮૨૧૦૨૧૬૮૮ |
| શ્રી પિયુષ હસમુખલાલ શાહ | ૧૮/૧૧ | ૯૮૩૩૫૫૬૨૯૮ |
| શ્રી સંજય મુળચંદ શાહ | ૪/૧૧ | ૯૮૨૦૩૮૭૬૭૮ |
| શ્રી પ્રફુલભાઈ લક્ષ્મીચંદ સલોત | ૧૧/૧૧ | ૯૮૩૩૦૫૯૦૪૪ |
| શ્રી મહેન્દ્ર વાડીલાલ શાહ | ૭/૧૧ | ૯૩૨૪૨૮૩૫૬૨ |
| શ્રી રૂપેશભાઈ ચંદ્રકાંતભાઈ શાહ | ૧૩/૧૦ | ૯૮૨૧૨૩૬૮૨૬ |

## લગ્નદિવસની શુભેચ્છા

| | | |
|---|---|---|
| શ્રી પિયુષભાઈ કાંતીલાલ શાહ | ૭/૧૧ | ૯૮૨૧૬૧૩૯૮૦ |
| શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ | ૨/૧૧ | ૯૮૨૦૮૮૯૪૫૧ |
| શ્રી જયેશ હર્ષદરાય ગાંધી | ૪/૧૧ | ૯૩૨૪૩૮૧૯૮૫ |

**-: સુધારો :-**

**ગતાંકમાં સ્વ.કંદર્પભાઈ હસમુખલાલ શેઠની શ્રધ્ધાંજલીમાં પ્રિંટિંગ ભૂલથી જન્મ તા.૮-૧૦-૧૯૯૬ છપાયેલ હતું. તે જન્મ તા.૮-૧૦-૧૯૬૬ વાંચવા વિનંતી.**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ – મુંબઈ**

**ઝાલાવાડ જૈન દર્શન માસિક પત્રિકા**

**-: નવા જાહેરખબરના દર :-**

| | |
|---|---|
| છેલ્લુ કવર પેઇજ (આર્ટ પેપર) ફોરકલર એક વખતના | રૂા.૮૦૦૦/- |
| અંદરના કવર પેઇજ નં. ૨ તથા ૩ (આર્ટ પેપર) એક વખતના | રૂા.૭૦૦૦/- |
| કલર પ્રીન્ટીંગ - એક ફુલ પેઇજ - એક વખત | રૂા.૫૫૦૦/- |
| કલર પ્રીન્ટીંગ - અડધા પેઇજ - એક વખત | રૂા.૨૮૦૦/- |
| અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર ફુલ પેઇજ એક વખતના | રૂા.૩૦૦૦/- |
| અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર હાફ પેઇજ એક વખતના | રૂા.૧૮૦૦/- |
| અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર ક્વૉટર પેઇજ એક વખતના | રૂા.૧૦૦૦/- |
| એક યુનિટ એક વખતના | રૂા.૬૦૦/- |
| એક યુનિટ એક વર્ષનાં (૧૨ અંક) | રૂા.૨૦૦૦/- |
| બે યુનિટ એક વખતના | રૂા.૫૦૦/- |
| બે યુનિટ એક વર્ષનાં (૧૨ અંક) | રૂા.૪૮૦૦/- |

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

આયોજિત તથા
શ્રીમતી શાંતાબેન બુટાલાલ શાહ પરિવાર તથા
શ્રીમતી સવિતાબેન ચીનુભાઈ છગનલાલ શાહ પરિવાર
પ્રેરિત (કાયમી)

## ૮૬મો સમૂહલગ્ન સમારોહ

**પોષ વદ એકમ, રવિવાર, તારીખ ૦૪-૦૧-૨૦૨૬**

**જમણવારના કાયમી પ્રેરક દાતા**

**શ્રી બુટાલાલ હકમચંદ શાહ પરિવાર (કોંઢ - ઘાટકોપર)**
**તથા**
**શ્રીમતી મનહરબેન કીરીટભાઈ રતનસી શાહ પરિવાર (ધોલેરા - મુલુંડ)**

## ઝાલાવાડી પરિવારોને વિનંતી

આપણા સંઘ તરફથી દર વરસે યોજાતા આ સમૂહલગ્નમાં જોડાવા માટે આમંત્રણ છે. હજુ પુરતો સમય છે. હવે આપણે વરસમાં એક વખત જ સમૂહ લગ્નનું આયોજન કરીએ છીએ. ભવ્યાતિભવ્ય રીતે પરિવારની માન મર્યાદાને સાચવીને યોજાતા આ સમૂહલગ્નમાં જોડાઈ ખોટા ખરચા ન કરવા જરૂરીયાતવાળા દરેક પરિવારને વિનંતી આપણે સૌ દેખાદેખી છોડી - અરસપરસ સમજુતી કરી, ‘‘સમાજ શું કહેશે ? તેના કરતા મારી પરિસ્થિતિ શુ કહે છે ?’’ આ બાબત લક્ષ્યમાં રાખી સમૂહલગ્નમાં જોડાવા શ્રી સંઘ આપ સૌને આગ્રહભર્યુ આમંત્રણ પાઠવે છે.


**લગ્ન સ્થળ :**

**દામોદર વાડી, કાંદીવલી (પૂર્વ)**
**સંપર્ક : ૯૧૩૭૩ ૪૨૮૧૮**

વધુમાં વધુ દસ લગ્નો વહેલો તે પહેલોના ધોરણે લેવામાં આવે છે.

કન્વીનર :
શ્રી જીજ્ઞેશ વસંતલાલ શાહ
(મો) ૮૦૮૦૩૫૪૭૭૭

REGISTERED WITH PRESS REGISTRAR GENERAL OF INDIA MAHBIL/2021/80571 LICENSE TO POST WITHOUT PRE-PAYMENT UNDER WPP LICENSE NO. MR/TECH/WPP-220/SOUTH/2024-26 POSTAL REGISTRATION NO. MCS/132/2024-2026 PUBLISHED ON 10TH OF EVERY MONTH AND POSTED AT MUMBAI PATRIKA CHANNEL SORTING OFFICE ON 10TH & 11TH OF EVERY MONTH



જન્મ
૭-૪-૧૯૫૦

અરિહંત શરણ
૧૯-૯-૨૦૨૫

# સ્વ. શ્રી નિતીનભાઈ અમરતલાલ લાકડાવાળા

(૭૫ વર્ષ)

સુરેન્દ્રનગર નિવાસી હાલ ચેમ્બુર, મુંબઈ

તમારો લાગણીશાળી સ્વભાવ અને પરિવારના સભ્યનો જે
માર્ગદર્શન આપ્યું છે તે અમે ભુલી શકશું નહીં.
વાસ્તવીકતા સ્વીકારી પરમકૃપાળુ પરમાત્મા તેમના
પરમ પાવનકારી આત્માને શાંતી આપે તેજ પ્રાર્થના
તમારા આર્શીવાદ અમારી સાથે રહે તેજ અંતઃકરણની પ્રાર્થના....

પત્ની : ઈલાબેન લાકડાવાળા
પુત્રો : હિતેશ અને શ્રીપાલ
પુત્રવધુ : દિપાલી અને જેસલ
પૌત્રી : જીયા શ્રીપાલ લાકડાવાળા
પૌત્ર : જીનેન હિતેશ લાકડાવાળા - પાર્શ્વ શ્રીપાલ લાકડાવાળા
સાસરા પક્ષ : સૌભાગ્યચંદ છગનલાલ દફતરી પરિવાર

સદ્‌ગતના આત્મશ્રેયાર્થે સાધર્મિક - રૂા.૧૦૦૦/-, જીવદયા - રૂા.૧૦૦૦/-, કેળવણી - રૂા.૧૦૦૦/-,
યાત્રિકભવન - રૂા.૧૦૦૦/-, તબીબી - રૂા.૧૦૦૦/-, પત્રિકા - રૂા.૧૦૦૦.
કુલ મળીને રૂા.૬૦૦૦/- શ્રી સંઘને ભેટ આપેલ છે.

Publisher : Ketan Arvind Shah on Behalf of Shree Zalawad Jain Swetamber Murtipujak Sangh, 175, Vallabhdas Kanji Bldg., 2nd Floor, Princess Street, Kalbadevi, Mumbai - 400 002. • Printer : BHAVIN SHARAD GANDHI • Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (East), Mumbai-400011. Mobile : 9867540524 • Editor : Mukesh Uttamchand Shah. Address Same as Publisher.